સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

ચકલાં, મોરને, વાંદરાનું સંગીત છીનવી લીધું !
કરે કકળાટ અમારું ઉપવન છીનવી લીધું !
છીનવી લીધું, આ માનવ સમાજે જીવન અમારું -
કલવર કરતાં પંખીઓનું વન છીનવી લીધું!
(માનવીનું જંગલોમાં અતિક્રમણ)

છીનવી લીધું !
અમારું આભ પણ -
- તો ઉડીએ ક્યાં ?
(બર્ડ હીટ!!)

માનવ પશું !
ડરાવે રીંછ બની -
બિચારા પંખી !!
(માનવી થાય પાશવી)

ચિંતન

સંપતૌ કોમલં ચિત્તં, સાધારપદિ કર્કષમ્ ।
સુકુમારં મધૌ પત્રં તરોઃ, સ્યાત્ કઠિનં શુર્યો ॥

ઉપરોક્ત શ્લોક મનુસ્મૃતિમાંથી લેવામાં આવેલ છે.

સંપત્તિ સમયે સાધુ પુરુષોનાં ચિત્ત તદ્દન કોમળ થઈ જતાં હોય છે, પરંતુ આપત્તિકાળે તેઓ કઠિન-કઠોર પણ થઈ શકે છે. જેવી રીતે વસંતઋતુમાં ઝાડનાં પાડદાં અતિ કોમળ હોય છે તે જ પાદડાં પાનખર ખતે ગ્રીષ્મમાં કઠિન અને કડક બની જતાં હોય છે.

સજ્જન લોકોનો સ્વભાવ સમયાનુસાર સમજ અને અનુકૂલન સાધે છે. જ્યારે તેમની આર્થિક સ્થિતિ સારી હોય ત્યારે તેમને અભિમાન આવતું નથી. પરંતુ વિશેષ સલુકાઈ નરમાશ અને વિનય-વિવેક ધરાવે છે. દુર્જન અને ઘમંડી લોકો થોડીક સંપત્તિમાં પણ તુમાખી સ્વભાવના અને ગર્વિષ્ઠ થઈ જતા હોય છે અને અક્કડ થઈને રહેતા હોય છે.

આવા સજ્જન લોકો મુશ્કેલ પરિસ્થિતિમાં ભાંગી નથી પડતા પણ સહનશક્તિ અને ધૈર્યથી માર્ગ કાઢી લે છે. પોતાની ખરાબ પરિસ્થિતિની ખબર પડવા દેતા નથી અને કાચબાની જેમ જાતની સુખ-સગવડની સ્થિતિને સંકોરી લેતા હોય છે.

સુવિચાર

- ઘરમાં નારી બધાનું 'મન' રાખે છે,
  પરંતુ બધા એ ભૂલી જાય છે કે 'નારી પણ એક મન' રાખે છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- ચિત્ર દોરી નથી શકાતા ને મઝાઓના નહીં તો આ રહ્યાં રંગો પતંગિયાઓના - **રમેશ પારેખ**
- અંતરખોજ વિનાનું જીવન વ્યર્થ છે - **બોધિ વૃક્ષ**
- જીવનમાં સત્યમાં, સ્વમાં રસ લેવાથી બીજા બધા રસ ફિક્કા પડી જાય છે - **દાદા ભગવાન**
- ગુલ સે લીપટી હુઈ તિતલી કો ગિરાકર દેખો,
  એ આંધીયો, તુમને દરખ્તો કો ગિરાય હોગા !! - **કૈફ ભોપાલી**
- જીવન એ અજ્ઞાનની યાત્રા છે,
  ભૂતકાળથી ભરેલું મન નહીં પણ ખાલી મન જ એ યાત્રામાં ઉપયોગી થાય - **રમેશ સંઘવી**
- આજનું ઔષધ : તજનો પાઉડર મધ સાથે દાદર-ખરજવા પર સવાર-સાંજ લગાડવથી સાતદિવસમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ડૉ. નોર્મન વિન્સેન્ટ પીલ, બીઝનેશ મેનેજમેન્ટ ને લગતા પુસ્તકોના ઉત્તમ લેખક. એમના પુસતકો અને સેમિનાર માટે વેપારીઓ આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય. તેઓ એકવાર જીવીવામાં એક હોટલમાં રોકાયા અને તેમને એ હોટલની ઉત્કૃષ્ટ વ્યવસ્થા અને સૌ કર્મચારીઓની ઉત્તમ વર્તણુંક અને સેવાથી પ્રભાવિત થયા. તેમણે એ હોટલના કરોડપતિ માલિક આલ્ફેડ કેબને મળવા ગયા. ડૉ. નોર્મનને કહ્યું. 'આપની હોટલની વ્યવસ્થા તેમજ સ્ટાફની કાળજીથી હું ખૂબ પ્રભાવિત થયો છું.' આલ્ફેડે જવાબમાં કહ્યું, 'મારું બાળપણ ખૂબ ગરીબીમાં વિત્યું. મેં નાનપણથી કપરકાબી વાસણો સાફ કરવાનું કામ શરૂ કર્યું હતું. વાસણોને ધોવાની મારી ચીવટ જોઈ એક જ મહિનામાં માલિકે મને વાસણો સાફ કરવાને બદલે વાસણો બરાબર સ્વચ્છ થયા છે કે નહીં તેનું સુપરવાઈઝીંગનું કામ સોંપ્યું. જો વાસણો સરખા સફાઈ ન થાય તો હું તેવા આળસું હેલ્પરને કાઢી મૂકતો. આમ એક દિવસ માલિકની મહેરબાનીથી હું મેનેજર પદ પર પહોંચ્યો.' આલ્ફેડે વાત આગળ વધારતા કહ્યું, ''થોડી મૂડી હતી અને થોડું સાહસ કર્યું તો આજે જીનીવામાં મારી ખુદની હોટલ શરુ થઈ શકી. પણ મેં મારા જેવા ચીવટવાળા અને મહેનતુ માણસો તૈયાર કરવા માટે ખૂબ મહેનત કરી છે. નાની બાબતોને ધ્યાનમાં રાખીને આવનાર યાત્રીની સવગડનો અને સુવિધાનો અનુભવ થવાથી અમારો ધંધો ઝડપથી વિકાસ પામી રહ્યો છે. જેના માટે આપના જેવા લેખકોનો પણ હું આભાર માનું છું. ડૉ. નોર્મનને આલ્ફેડની હોસ્પિટાલીટી સ્પર્શી ગઈ.

કમલનાથ પર કમળ હાવી

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીની સર્વોચ્ચ નેતાગીરી સમક્ષ કોંગ્રેસી મુખ્યમંત્રી જયારે વિનંતીની ભાષામાં વાત કરતા લાગે ત્યારે માત્ર એમની દયા જ ખાવી પડે. સિંહ પરિવારે હુમલો કર્યા પછી ગાય એ પરિવારના વડાને વિનંતી કરતી હોય એવી ભાષામાં કમલનાથે દેશના ગૃહમંત્રી અમિત શાહને વિનંતી કરવાના દિવસો આવ્યા છે. કમલનાથ હજી એમ જ માની રહ્યા છે કે જે ભાજપના સ્થાનિક આગેવાનો દ્વારા કોંગ્રેસના ધારાસભ્યોનું અપહરણ કરાયું છે અને એમને બેંગલુરુ ખાતે કર્ણાટકની ભાજપા સરકારે બંધક બનાવી રાખ્યા છે. બાવીસ જેટલી મોટી સંખ્યામાં સિંધિયાના ઈશારે બળવો કરી ચૂકેલા ધારાસભ્યો પાછા ફરીને કમનાથનો હાથ પકડે એ વાતમાં માલ નથી. કમલનાથ પાસે હવે લાંબો સમય પણ બચ્યો નથી કે એ ધારાસભ્યો સાથે જોડતોડ કરી શકે. સિંધિયા જૂથના છ મંત્રીઓનાં રાજીનામાં પણ મધ્યપ્રદેશ વિધાનસભાના સ્પીકરે મંજૂર કરી દીધાં છે. ભાજપ એના ધારાસભ્યોનું ટોળું અંકબંધ રાખી શકેલ છે કારણ કે ધારાસભ્યો માટે તો કમલનાથની કોંગ્રેસી સરકાર તૂટે તો જ કંઈક પદ-પ્રતિષ્ઠા યોગ બની શકે એમ છે. કેન્દ્રમાં ભાજપની સત્તા હોઈ જેમ કર્ણાટકમાં બન્યું હતું એ જ પૅટર્ન પર મધ્યપ્રદેશમાં સિંધિયા સમર્થિત ધારાસભ્યોનાં રાજીનામાં મંજૂર કરીને અથવા એમને લાલચ આપીન કમલનાથને ફલોર ટેસ્ટ પહેલાં જ રાજીનામું આપવા મજબૂર કરી શકાય એમ છે ? રાજયપાલ લાલજી ટંડને સોમવારે શરૂ થતા વિધાનસભા સત્રમાં સૌથી પહેલું આ સરકારને કસોટીની એરણે ચડાવવાનું જ સુનિશ્ચિત કરેલ છે. કમલનાથ પાસે બચવાનો કોઈ વિકલ્પ રહ્યો નથી. જયોતિરાધિત્ય સિંધિયાએ ઊંધુ ઘાલીને કેસરિયાં કરી દીધાં છે અને અત્યાર લઘી એમને વફાદાર રહેલા ધારાસભ્યો માટે કમલનાથ સરકાર બચાવવા પાછા ફરવાનું કોઈ જ કારણ નથી. 'જયાં મહારાજ ત્યાં અમે' - એવા સંકલ્પ સાથે આ ધારાસભ્યોએ બેંગલુરુની વાટ પકડી હતી. સૈદ્ધાંતિક રીતે ખોટું તો ખોટું પરંતુ એ પગલું ભરાઈ ગયું છે એટલે હવે એમાંથી પારોઠનાં પગલાં ભરવા કોઈ તૈયાર થાય એ શક્ય જ નથી. કમલનાથ સરકારનું પતન નિશ્ચિત છે એવું કોંગ્રેસનાં હાઈકમાંડને પણ સમજાઈ ચૂક્યું છે. સિંધિયાને ઓછા આંકવાનું સોનિયા - રાહુલને ભારે પડ્યું છે. જો કે જયોતિરાદિત્ય સિંધિયાએ પણ ભાજપમાં જઈને ભલે પ્રતાપી દાદીમાના પાલવનું શરણું શોધ્યું હોય, પણ એમને ત્યાં તો કદ મુજબ વેતરાઈને જ ટકવાનું છે. કોંગ્રેસમાં પડી રહ્યા હોત તો કદાચ રાહુલ ગાંધીના વિકલ્પે તેઓ રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસી શક્યા હોય - ભવિષ્યમાં કોંગ્રેસની યુવા બ્રિગેડ એમને વડાપ્રધાન પદના દાવેદાર તરીકે રજૂ કરી શકી હોત. આમ, મધ્યપ્રદેશના વર્તમાન ઘટનાક્રમનાં બેઉ મહત્ત્વનાં પાત્રો - જયોતિરાદિત્ય સિંધિયા અને કમલનાથ અત્યારે તો હારાકીરીના માર્ગે જ જઈ રહેલાં લાગે. કમલનાથે પણ સિંધિયા જેવી ચાલાકી વાપરીન કેસરિયો ખેસ ધારણ કરી લીધો હોય તો કદાચ શિવરાજસિંહ ચૌહાણના મનની મનમાં રહી જાય અને ભાજપની વધુ એક સરકારના મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસી કમલનાથ પ્રસ્થાપિત થઈ શક્યા હોત! રાજકારણમાં પદ ખાતર કોઈ પણ જાતનું સમાધાન જાયઝ જ ગણાતું હોય તો કમલનાથે તે વેળાસર કરી લેવાની જરૂર હતી !

બીન સરકારી સંગઠનોને વિદેશથી ભંડળો મેળવતા અટકાવી શકાય નહિ : ફોરેન કોન્ટ્રીબ્યુશન એકટ-૨૦૧૦

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

વિરોધ અને અસંતોષના માન્યતા પાત્ર સ્ત્રોતો થકી જાહેર હિતોને સમર્થન કરતા હોય તેવા બીન સરકારી સંગઠન (એનજીઓ)ને વિદેશી સ્ત્રોતો અને યોગદાન આપનાર પાસેથી ભંડોળ મેળવવામાંથી વંચીત ના રાખી શકાય તેવો ચુકાદો તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપતા વિદેશી ભંડોળ મેળવવા ઉપર પ્રતિબંધ હટી જશે. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે રાજકિય હેતુ ધરાવનાર સંગઠનોને એક રાજકિય સ્વરૂપનું સંગઠન જાહેર કરીને દંડીત ના કરી શકાય બંધ અને હડતાલો જેવા અસંતોષના કાયદેસરના સ્વરૂપોનો આશરો લઈને જાહેર હિતને સમર્થન આપતા બીન રાજકિય હેતુઓ ધરાવતા એનજીઓના ભંડોળોમાં કાપ મુકવા જેવા પગલા લઈ શકાય કારણ કે ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ ૨૦૧૦ અથવા એફસીઆરએ મુજબ આ રાજકિય પગલાની સામાન્ય અભિવ્યક્તિ છે.

કોર્ટે ઉમેર્યું છે કે આ જોગવાઈમાં સ્પષ્ટ છે કે બંધ, હડતાલ, રસ્તારોકો જેવી બાબતો રાજકિય પગલાની સામાન્ય પધ્ધતિ તરીકે ગણાય છે. કોઈ રાજકિય હેતુ અથવા ઈરાદા વગર નાગરિકોના અધિકારોને સમર્થન આપતા કોઈપણ સંગઠનને રાજકિય સ્વરૂપનું સંગઠન જાહેર કરીને દંડીત ના કરી શકાય.

જસ્ટીસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટીસ દિપક ગુપ્તાની બેંચે આ ચુકાદો આપેલ. એફસીઆરએની કેટલીક જોગવાઈઓને પડકારતી ઈન્ડીયન સોશ્યલ એકશન ફોરમે દાખલ કરેલ પીટીશન ઉપર સુનવણી બાદ આ ઠરાવ કરેલ તેમાં જણાવ્યા મુજબ એફસીઆરએની અનેક જોગવાઈઓ બંધારણમાં બાંહેધરી આપવામાં આવેલા કેટલાક બંધારણીય હક્કોનો ભંગ કરે છે.

બેંચે તેમાં સુધારો કરતા જણાવ્યું કે આ જોગવાઈઓ ગેરબંધારણીય જાહેર થવાથી બચાવવા માટે ઠરાવીએ છીએ કે સક્રિય રાજકારણ સાથે નિશ્બત ધરાવતા હોય અથવા રાજકારણમાં ભાગ લેતા હોય માત્ર તેવા સંગઠનો જ આમાં આવરી લેવાયા છે. જેહાદી પ્રવૃત્તિ ધરાવતા સંગઠનો ઉપર પ્રતિબંધ છે જ. કોર્ટે નોંધેલ કે કાયદા પાછળનો હેતુ રાજકિય સંગઠનોને વિદેશી ભંડોળ મેળવવાથી અટકાવવાનો છે. આથી આ હેતુ અને વિદેશી ભંડોળ મેળવવાના સ્વૈચ્છીક સંગઠનોના અધિકારો વચ્ચે એકસુત્રતા નક્કિ કરવી જોઈએ. કેટલીક પ્રવૃત્તિઓને અસ્પષ્ટ અભિવ્યક્તિઓમાં મુકી દેવાથી તમામ સંગઠનો ઉપર વિદેશી ભંડોળ મેળવવા ઉપર પ્રતિબંધ ના મુકી શકાય. સંગઠનનો હેતુ અને ઉદ્દેશો રાજદ્રોહને અસર ના કરતા હોય પરંતુ રાજકિય વિરોધ દર્શાવતા હોય તેટલા ખાતર આવા પ્રતિબંધો અનાઆવશ્યક ગણાય. બંધારણીય માપદંડના ભંગ જેવી બાબતો બને તેવા કેસમાં યોગ્ય છે. અસંતોષને ડામી ના દેવાય અને લોકોને સરકારને પ્રશ્ન પુછવા પ્રોત્સાહન આપવું જોઈએ. સરકાર સામે સવાલ પુછવાનો નાગરિકો તથા સંગઠનોને હક્ક અને અધિકાર બંધારણમાં આપેલ છે. તેનાથી વ્યક્તિ સ્વતંત્રતા ઉપર તરાપ ના મુકી શકાય આ પ્રવૃત્તિ એ લોકશાહિનો એક મહત્વનો ભાગ છે. જેને વિદેશથી ભંડોળ મેળવતા અટકાવી ના શકાય, આવી પ્રતિબંધતાથી સંગઠનોના કામકાજમાં અટકાયત આવશે. લોક કલ્યાણના તથા જન જાગૃત્તિના અભિયાનને વેગ મળવાના બદલે ગળુ ટુંપાશે.

કેન્દ્ર સરકાર પાસે કોઈ સંગઠનને રાજકિય સ્વરૂપના સંગઠન તરીકે વર્ગીકૃત કરવાની બીન અંકુશીત સત્તા હતી જેના ઉપર આ ચુકાદાથી લગામ મુકાશે. કેન્દ્ર સરકારના આ વલણથી વિદેશી યોગદાનથી ચાલતી કેટલીક સંસ્થાઓને તાળા મારવાની નોબત આવી ગયેલ કેટલીક સંસ્થાઓ ફોરેન ભંડોળ ઉપર જ નભતી હોય છે. જેહાદી કે ત્રાસવાદી પ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓ અલગ તારવી તેના ઉપર પ્રતિબંધ મુકવો એ અલગ વાત છે. રાજદ્રોહના ઉદ્દભવે તેવી પ્રવૃત્તિ ચલાવી માત્ર રાજકિય વિરોધ નોંધાવવાની પ્રવૃત્તિને જેહાદી કે રાજદ્રોહ પ્રવૃત્તિના ગણી શકાય તમામ સંસ્થાને એક લાકડીથી હાંકી ના શકાય. એફસીઆરએની જોગવાઈઓ તમામ સંગઠનને કે રાજકિય બીન રાજકિય પ્રદર્શનો કરતી સંસ્થાને એક સમાન રીતે લાગુ ના પાડી શકાય. વિરોધ કરવો એ લોકશાહિની પ્રક્રિયાનો એક ભાગ છે જેના ઉપર પ્રતિબંધ લાદી સરકાર મન માની પ્રવૃત્તિ ના કરી શકે સરકારનો વિરોધ કરવો એ આમ નાગરિક કે બીન રાજકિય સંગઠનો અને રાજકિય સંગઠનોનો બંધારણીય હક્ક છે. જેને વિદેશી ભંડોળ મેળવતા અટકાવી ના શકાય. સ્વૈચ્છીક સંગઠનો લોકો માટે કામ કરતા હોય છે. જેમને વિદેશથી ભંડોળ મેળવવા હક્ક અધિકાર છે.

તુ નકામો તાળીઓની આશા ના રાખ્યા કરીશ; કો'ક નાટક સ્ટેજ ને પડદા વિનાનું હોય છે!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

તુ નકામો તાળીઓની આશા ના રાખ્યા કરીશ;
કો'ક નાટક સ્ટેજ ને પડદા વિનાનું હોય છે!

- ડૉ. મુકેશ જોષી

આખો સમાજ, જનસમૂહ તેના વિચારોમાં એન મનોવૃત્તિમાં કેવો છે તેની સાચેસાચી આરસી નાટક અને પિકચર્સમાં જ જોવા મળે છે. સારું ભણે તે અને જે ન ભણે તે પણ, નાના-મોટા તમામ નાટક જોવા તેમ જ મુવીસ જોવા તો જાય જ છે અને ઈશ્વરની રચેલી આ સૃષ્ટિમાં આપણે પણ નાટક ભજવતા એક પાત્ર સમા જ છીએ!

'વાદળ' નામના પડદા ખુલ્યા,
'સૂર્ય' નામનું ફોક્સ પડ્યું,
'સવાર' નામનો રંગમંચ ઝળહળી ઉઠ્યો,
અને 'જીવન' નામનું નાટક ચાલું થયું.

નાટક બનાવનાર બધાને ગમે તેમ જ સમજાય તેવા પ્રકારના જ નાટકો બનાવે છે. સ્કૂલ-કૉલેજ કે લાયબ્રેરીમાં જે ન શીખવી શકાય તે સરળતાથી નાટક કે મૂવીઝ દ્વારા શીખવી શકાય છે. શ્રી નવલરામ લ. પંડ્યા લખે છે તેમ, 'જે દેશમાં નાટકો સુઘડ, સુરસ, સુક્ષ્મ વિચારથી ભરેલા, તે દેશના લોક પણ સુઘડ,સુરસ, સુક્ષ્મ વિચાર કરવાની સ્થિતિએ પહોંચેલા છે એમ જે માનવામાં આવે છે તે સામાન્યપણે વાજબી જ છે.'

આપણા આખા આ સમાજને જે માર્ગે વાળવા હોય તે માર્ગે નાટક અને પિકચર્સ દ્વારા વાળી શકાય છે. સમાજમાં સુધાર કે કાંતિ લાવવા માટે એ પ્રકારના નાટકો લખાય અને તેને લખનારા પણ ઉસ્તાદ હોય તો સરળતાથી જનમાનસને તે વિચારધારા પ્રત્યે આકર્ષી શકાય છે. સારા નાટકો વ્યક્તિને ખોટું કરતા અટકાવે છે, કદાચ વ્યક્તિ અટકે નહિ તો ખોટું કરતા અચકાશે તો ખરો જ! આપણે વડીલોને હંમેશા ફરિયાદ કરતા

સાંભળ્યા છે કે એ લોકોના સમયમાં આવતા નાટકો તેમ જ ફિલ્મો વધુ સારા હતા પણ ધ્યાનથી જોતા સમજાશે કે આજના સમય અનુસારના જ ફિલ્મો આપણા સમયમાં બની રહ્યાં છે. નાટકો તેમ જ ફિલ્મોમાં આવેલું પરિવર્તન એ આખા સમાજમાં આવેલા પરિવર્તનના કારણે આવેલું છે. સારું નાટક જેમ કે, '૧૦૨ નોટ આઉટ' અને સારી ફિલ્મ જેમ કે 'હેલ્લારો' એક વિચારબીજનું આપણામાં આરોપણ કરી જાય છે.

સમાજમાં ચાલતી વિકૃતિઓ પર જયારે ફિલ્મ કે નાટક બનાવવામાં આવે ત્યારે ક્રિટિક્સ (Critics) અને વિવેચકો કહે છે કે તે આપણામાં રહેલી ખરાબ વૃત્તિઓને પ્રોત્સાહિત કરનારી કૃતિઓ છે પણ હકીકતમાં આ પ્રકારની કૃતિ બનાવનારનો હેતુ સમાજમાં જાગૃતિ લાવવાનો, સમાજને ઢંઢોળવાનો હોય છે. કહેવાય છે કે, નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે અને તે ભજવનાર ખૂબ જ હોંશિયાર હોય છે. મનોજ ખંડેરિયા લખે છે,

''દીર્ઘ નાટક છે, એક પાત્રી છે
કેમ ભજવવું, ટૂંકી રાક્ષી છે.''

આપણે જો એમ માનતા હોઈએ કે હવે સારા નાટકો કે મૂવીઝ લખાતા અને ભજવાતા નથી તો તેના માટે આપણે જ પ્રયત્ન કરવા પડશે. જેમ બાળકના હાથમાં રહેલું રમકડું જોખમી લાગે તો ચૂપકેથી તેના હાથણાં બીજું નવું રમકડું આપી દેવામાં આવે તો બાળક પેલું હાનિકારક રમકડું ભૂલી જાય છે. તે જ રીતે સમાજમાં આવી રહેલા આ નાટકો કે મુવીઝ બને ત્યાં સુધી કોઈ સારી વાત, કોઈ સારો બોધપાઠ લઈને આવે તો વધુ સારું.

બાલમુકુન્દ દવે લખે છે તેમ,
''આપણે તે દેશ કેવા ?
આપણે વિદેસ કેવા?
આપણે પ્રવાસી પારાવારના હે જી
સંતરી સૂતેલા ત્યારે
આપણે અખંડ જાગ્યા ;
કોટડાં કૂદીને ભાગ્યાં :
આપણે કે દી ના કારાગારના હે... જી.''

Last Seen :

પડદો પડે કંઈ એટલે નાટક પૂરું નથી,
એ તો શરૂ થઈ જાય છે, તાળી રૂપે પછી!

- ડૉ. મુકેશ જોષી

- nehalgadhavi101@gmail.com

સ્વજનોએ દીધેલાં હળાહળ પચાવીને ય સદાપ્રસન્ન 'કવિ કૈદીરાય'

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતીય રાજકારણમાં ડગલેને પગલે પારકાઓ થકી અપાયેલાં નહીં,પણ પોતીકાઓનાં દીધેલાં હળાહળ પીને પણ સદાય પોતાની મસ્તીમાં મસ્ત રહેનાર રાજનેતાથીય મૂઠીઊંચેરા રાજપુરુષ અને જન્મજાત કવિ એવા અટલ બિહારી વાજપેયી જેવું ગરિમાપૂર્ણ વ્યક્તિત્વ ન ભૂતો ન ભવિષ્યતિ બની રહેવાનું. એમની સાથે છબિયુંમાં કંડારાઈને પોતાના વર્તમાન અને ભવિષ્યને ચકચકિત કરનારાઓનો આજે તોટો નથી,પણ વડાપ્રધાન રહેલી આ વ્યક્તિની સહજતા અને ગરિમા સત્તાધીશો અને વિપક્ષે બેસનારાઓ માટે નિશ્ચિત પ્રેરણારૂપ લેખાય. સત્તાસ્થાને પીઢ કોંગ્રેસી વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ હોય અને સામી પાટલીએ પહેલીવાર ૧૯૫૭માં ચૂંટાયેલો સંઘ-જનસંઘનો નિષ્ઠાવંત છોકરડો નામે અટલ બિહારી હોય. વાજપેયીના પ્રથમ ભાષણથી પ્રભાવિત થઈને શાબાશી આપવાની સાથે જ વિરાટ વ્યક્તિત્વ ધરાવનારા નેહરુએ ભવિષ્યવાણી કરી હતી કે વાજપેયી ભવિષ્યમાં વડાપ્રધાન થશે. અટલજી અદભુત વક્તા રહ્યા.એ ઘણીવાર કહેતા કે લોગ સુનને કે લિએ તો બહોત આતે હૈં, લેકિન વોટ નહીં દેતે. જોકે એ ભાજપને સત્તા સુધી લઈ જવામાં એ સફળ રહ્યા.પાયાના પથ્થર બન્યા. વર્ષ ૧૯૮૦માં મુંબઈમાં ભાજપના પ્રથમ અધિવેશનમાં સંસ્થાપક અધ્યક્ષ તરીકે અટલજીએ ''સૂરજ નિકલેગા,અંધેરા છટેગા, કમલ ખિલેગા'' જે લાક્ષણિક અદાથી પ્રસ્તુત કરીને કાર્યકરોમાં જોશ ભર્યું હતું, એ ક્ષણના પ્રત્યક્ષદર્શી સંવાદદાતા તરીકે આજેય એ ક્ષણ નજર સામે તગેછે.૧૬ મે ૧૯૯૬ના રોજ ૧૯ દિવસ માટે, ૧૯ માર્ચ ૧૯૯૮ના રોજ ૧૯ મહિના માટે અને ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ના રોજ પૂર્ણ મુદત માટે વડાપ્રધાન બન્યા પછી વિપક્ષ સાથેનો એમનો વ્યવહાર હમેશા ગરિમાપૂર્ણ રહ્યો.વિપક્ષને સાથે લીધા વિના લોકશાહીનું તંત્ર ચાલી ના જ શકે, એ વાતમાં એમણે ઊંડી શ્રદ્ધા રહી.

નેહરુ માટે આદર, ઈન્દિરાનાં વખાણ

બાંગલાદેશના સર્જન માટે જવાબદાર યુદ્ધમાં વિજયને વરવા બદલ સંસદમાં વિપક્ષની પાટલીએથી અટલજીએ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના રાષ્ટ્રીય નેતૃત્વનાં વખાણ કર્યાં હતાં. વર્ષ ૧૯૭૭માં વાજપેયી, નેહરુપુત્રી ઈન્દિરાજીની ઈમર્જન્સીના જેલવાસ પછી, મોરારજી દેસાઈની સરકારમાં વિદેશમંત્રી બને ત્યારે વિદેશ મંત્રાલયમાંથી ભક્તગણે હટાવી દીધેલી પંડિત નેહરુની છબિને આગ્રહપૂર્વક યથાસ્થાને મૂકાવે. કટ્ટરવાદને પોષવાનો સાફ નન્નો ભણનાર વિપક્ષના નેતા વાજપેયીને વડાપ્રધાન રાજીવ ગાંધી કે પી.વી.નરસિંહરાવ દેશનાં પ્રતિનિધિમંડળના વડા તરીકે વિદેશ પાઠવે. હિંદુ હોવાના ગર્વની કાયમી અનુભૂતિ ખરી,પણ અન્યો ભણી દ્વેષનો કદીએ ડંખ નહીં.વર્ષ ૨૦૦૪માં વડાપ્રધાન વાજપેયીના નેતૃત્વમાં ભાજપનો પરાજય

- **ભાજપના સંસ્થાપક અધ્યક્ષ અટલજીએ ''સૂરજ નિકલેગા,અંધેરા છટેગા, કમલ ખિલેગા'' કહીને કાર્યકરોમાં જોશ ભર્યું હતું**
- **હિંદુ હોવાના ગર્વની અનુભૂતિ ખરી,પણ અન્યો ભણી દ્વેષનો કદીએ ડંખ નહી નહી રાખનાર રાજપુરુષ એવા વાજપેયી**
- **આજીવન અપરિણીત રહ્યા,પણ પોતે બ્રહ્મચારી નહી હોવાનું સંસદમાં કહેવાની નૈતિક હિંમત પણ ધરાવતા રહ્યા**
- **૧૯૪૨માં ''હિંદ છોડો'' હાકલને પગલે પુખ્ત નહોતા એવા અટલજી આગ્રાની બચ્ચા બેરેકમાં ૨૪ દિવસ જેલવાસમાં**

થયો, એ પછી તબિયતે પણ સાથ ના દીધો અને ક્રમશઃ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ કબૂલીને લોકનજરમાંથી એ ઓઝલ થવા માંડ્યા. વાજપેયીનું નામ પડે અને સત્તા કે વિપક્ષના નેતા-કાર્યકર્તાઓને માન થાય એવું એ નિરાળું વ્યક્તિત્વ.

રાજકારણના નવા લપસણા રસ્તાઓ

સંઘના પ્રચારક અને સંઘનાં પ્રકાશનોના તંત્રી રહેલા તેમજ છેલ્લે જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીના અંગત સચિવ રહેલા વાજપેયી જનસંઘ અને ભાજપના વટવૃક્ષના સંવર્ધન કરનાર લેખાય.વાજપેયી અને લાલકૃષ્ણ આડવાણી રામ-લક્ષ્મણની જોડી બની રહ્યા.આરએસએસના સરસંઘચાલક કુ.સી.સુદર્શને જયારે ''વોક ધ ટોક''ના શેખર ગુપ્તા સાથેના બહુચર્ચિત ઈન્ટરવ્યૂમાં ઈન્દિરા ગાંધીને દેશનાં સર્વશ્રેષ્ઠ વડાપ્રધાન લેખાવ્યાં ત્યારે આડવાણી સહિતનાને માઠું લાગી ગયું હતું,પણ વાજપેયી તો ધીરગંભીર હતા.કોઈનાં વખાણથી ફુલાઈ જવું કે ટીકાથી નારાજ થવું એ એમની પ્રકૃતિમાં નહોતું. રાજકારણના લપસણા રસ્તાઓ વિશે ભારતીય વિદ્યાભવનના સામયિક ''નવનીત''ને ડિસેમ્બર ૧૯૬૩માં આપેલી મુલાકાતમાં અટલજીએ વ્યક્ત કરેલી વાતો આજેય સમસામયિક લાગ્યા વિના રહેતી નથીઃ ''મારી સૌથી મોટી ભૂલ રાજકારણમાં આવવાની થઈ...મનની શાંતિ મરી ગઈ.સંતોષ ખતમ થઈ ગયો.એક વિચિત્ર ખાલીપો અનુભવી રહ્યો છું.'' એ વધુમાં કહે છે : ''આજના રાજકારણમાં (વાકપટુઓ એને રાજનીતિનું રૂપકડું નામ આપે છે) વિવેક નહીં,વાક્ચાતુર્ય ઝંખે છે.સંયમ નહીં, અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપે છે.શ્રેય નહીં, પ્રેય પાછળ પાગલ છે. મતભેદનો સમાદર કરવાનું તો દૂર રહ્યું, એને સહન કરવાની પ્રવૃત્તિ પણ લુપ્ત થતી જાય છે.આદર્શવાદનું સ્થાન તકવાદ લઈ રહ્યો છે.ડાબા-જમણાનો ભેદ પણ વ્યક્તિગત વધુ છે,વિચારગત ઓછો.બધા પોતાનું માર્કેટિંગ કરવામાં પડ્યા છે.ઉત્તરાધિકારની શતરંજનાં પ્યાદાં ગોઠવવાની સૌને ચિંતા છે.''

સત્તાસંઘર્ષ સ્વના પક્ષ સાથે જ

''સત્તાનો સંઘર્ષ વિરોધપક્ષવાળા સાથે સાથે નહીં, પણ પોતાના પક્ષવાળાઓ સાથે જ લાગે છે.પદ અને પ્રતિષ્ઠાને જાળવવા માટે તોડ-ફોડ અને બાંધછોડનાં કાંઠાંકબાડાં જરૂરી બની જાય છે.નીડરતા અને સ્પષ્ટ વાત કરવાનું જોખમી બની ગયું છે.આત્માને કચડીને જ આગળ વધી શકાય છે.'' ''હું જે રાજકીય પક્ષ સાથે જોડાયેલો છું એ પણ આવાં દૂષણોથી મુક્ત નથી.એમાં પણ એવા લોકોની સંખ્યા વધી રહી છે જે હલકી ટીકા કરવામાં વધુ રસ લે છે.વિરોધીની પ્રામાણિકતા વિશે શંકા વ્યક્ત કરવાને પોતાનો અધિકાર સમજે છે.'' ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી રહેલા માધવસિંહ જયારે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી હતા ત્યારે એકવાર અટલજીને ઘેર બેઠા હતા. એમની કોઈએ કરેલી ટીકાથી વ્યથિત હતા.અટલજી ઘરના અંદરના ખંડમાં ગયા અને એક દળદાર ફાઈલ લઈને બહાર આવ્યા.એ ફાઈલ માધવસિંહભાઈના હાથમાં મૂકીને કહે કે ''નિરાંતે ઘેર જઈને વાંચી મને પરત કરશો. મારા જ પક્ષના લોકોએ મારી વિરુદ્ધમાં લખેલા પત્રોની આ ફાઈલ છે.આવા લોકોથી દુઃખી થઈએ તો જીવવું દુષ્કર બની જાય.''

કવિ કૈદીરાયની વેદના કવિતામાં

અટલજી વિશે ખાનગી ખૂણે ઘણી ગપશપ થતી રહેતી હોવા છતાં એમણે એની ભાગ્યેજ પરવા કરી. દરેકને વ્યક્તિગત જીવન જીવવાનો અધિકાર હોવાનું મૂળભૂત રીતે સૌની સ્વતંત્રતા અને લોકશાહીમાં અડગ શ્રદ્ધા ધરાવનાર આ મહામાનવે જીવી બતાવ્યું છે. એમના પક્ષના જ લોકો ક્યારેક એમને કોંગ્રેસી ગણાવવા સુધી ગયા છે,ક્યારેક વિપક્ષના નેતાઓએ એમને ''રા